**27.01.2023** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા મધુબન

"મીઠાં બાળકો - પારસબુદ્ધિ બનવા માટે બાપ જે સમજાવે છે તેને સારી રીતે સમજવાનું છે, સ્વયમાં ધારણા કરી બીજા ને કરાવવાની છે"

પ્રશ્ન :- કયું એક રહસ્ય ખૂબ જ ગુહ્ય, ગોપનીય અને સમજવાનું છે?

ઉત્તર :- નિરાકાર બાપ બધાનાં માતા-પિતા કેવી રીતે બને છે, એ સૃષ્ટિની રચના કઈ વિધિ થી કરે છે, આ ખૂબ જ ગુહ્ય અને ગોપનીય રહસ્ય છે. નિરાકાર બાપ માતા વગર સૃષ્ટિ તો રચી ન શકે. કેવી રીતે એ શરીર ધારણ કરી, એમાં પ્રવેશ કરી એમનાં મુખથી બાળકો ને એડોપ્ટ કરે (અપનાવે) છે, આ બ્રહ્મા પિતા પણ છે તો માતા પણ છે - આ વાત ખૂબ જ સમજીને સિમરણ (સ્મરણ) કરવાની તથા સ્મૃતિ માં રાખવાની છે.

ગીત :- તુમ્હીં હો માતા.......

ઓમ્ શાંતિ ! જેમને માતા-પિતા કહો છો તો જરુર ફરમાન પિતા જ કરશે. આ તો માતા-પિતા કમ્બાઈન્ડ (સંયુક્ત) છે. આ વાત મનુષ્યો ને માટે સમજવી ખૂબ મુશ્કેલ છે અને આ જ મુખ્ય વાત છે સમજવાની. નિરાકાર પરમપિતા પરમાત્મા જેમને પિતા કહેવાય છે એમને માતા પણ કહે છે, આ વન્ડરફુલ (અદ્દભુત) વાત છે. પરમપિતા પરમાત્મા મનુષ્ય સૃષ્ટિ રચશે, તો માતા જરુર જોઈએ. આ વાત ખૂબ ગુહ્ય છે બીજા કોઈની બુદ્ધિમાં ક્યારેય આવી ન શકે. હવે એ છે બધાનાં બાપ, માતા પણ જરુર જોઈએ. એ પિતા તો છે નિરાકાર, પછી મા કોને રાખે? લગ્ન તો નહીં કર્યા હોય. આ છે અતિ ગુહ્ય ગોપનીય સમજવાની વાતો. નવાં-નવાં તો સમજી ન શકે. જૂનાં પણ મુશ્કેલ સમજીને અને તે સ્મૃતિમાં રહે છે. બાળકો જ મા-બાપની સ્મૃતિ માં રહેશે ને. ભારતમાં લક્ષ્મી-નારાયણ ને પણ કહી દે છે તમે માતા-પિતા.... તો રાધા-કૃષ્ણ આગળ પણ જોઈને કહે છે - તમે માતા-પિતા. હવે એ તો છે પ્રિન્સ-પ્રિન્સેઝ (રાજકુમાર-રાજકુમારી). એમને માતા-પિતા કોઈ બેસમજ પણ નહીં કહે. મનુષ્યોની તો કહેવાની ટેવ (આદત) પડી ગઈ છે. પરંતુ આ વાત જ ન્યારી છે. લક્ષ્મી-નારાયણ ને તો એમના બાળકો જ કહેશે છે તમે માતા-પિતા.... મનુષ્ય સમજે છે જેની પાસે ખૂબ ધન છે, મહેલ-માળીયા છે તે સ્વર્ગમાં છે. એમનાં બાળકો કહેશે અમારા મા-બાપ ની પાસે ખૂબ સુખ છે. જરુર આગલા જન્મ માં કાંઈક સારા કર્મ કર્યા છે. સારું આ જે ગવાય છે તમે માતા-પિતા.... પરમપિતા પરમાત્મા રચયિતા તો એક છે, જેમનાં આપણે બાળકો છીએ એ પણ નિરાકાર છે. આપણે આત્માઓ પણ નિરાકાર છીએ. પરંતુ નિરાકાર પછી સૃષ્ટિ કેવી રીતે રચે છે. માતા વગર તો સૃષ્ટિ રચી ન શકાય. વન્ડર છે સૃષ્ટિ રચવાનું. એક તો પરમાત્મા રચયિતા છે નવી દુનિયાનાં. જૂની દુનિયામાં આવીને નવી દુનિયા રચે છે. પરંતુ કેવી રીતે રચે છે. આ ખૂબ ગુહ્ય વાત છે - જે નિરાકાર ને આપણે માતા-પિતા કહીએ છીએ. બાપ સ્વયં સમજાવે છે હું બાળકોને એડોપ્ટ કરું છું. પેટ માંથી બાળકો કાઢવાની વાત જ નથી. આટલાં અસંખ્ય બાળકો પેટ માંથી કેવી રીતે નીકળશે. તો કહે છે હું આ શરીરને ધારણ કરી આમના મુખ દ્વારા બાળકો એડોપ્ટ કરું છું. આ બ્રહ્મા પિતા પણ છે, મનુષ્ય સૃષ્ટિ રચવા વાળા અને માતા પણ છે. જેમનાં મુખ થી બાળકો એડોપ્ટ કરું છું. આ રીતે બાળકોને એડોપ્ટ કરવા - આ ફક્ત બાપ નું કામ છે. સંન્યાસી તો કરી ન શકે. એમનાં છે જીજ્ઞાસુઓ, ફોલોઅર્સ, શિષ્ય. અહીં તો થઈ રચનાની વાત. તો બાબા આમનામાં પ્રવેશ કરે છે, આ છે મુખ વંશાવલી જે કહે છે તમે માતા-પિતા.... તો માતા આ સિધ્ધ થઈ. એ બાપ આમનામાં પ્રવેશ થઈ રચે છે. આ વૃધ્ધ પ્રજાપિતા પણ થયાં પછી માતા પણ વૃધ્ધ થઈ. વૃધ્ધ જ જોઈએ ને. હવે બાળકોએ માતા-પિતા ને યાદ કરવા પડે. આમની તો પ્રોપર્ટી (મિલકત) નથી. તમે બનો છો વારિસ, એટલે આમને બાપદાદા કહે છે. તમારે પ્રજાપિતા બ્રહ્મા પાસે થી પ્રોપર્ટી નથી લેવાની. આ દાદા (બ્રહ્મા) પણ એમની પાસે થી લે છે. આમને દાદા પણ, તો માતા પણ કહેવાય છે. નહીં તો માતા-પિતા કેવી રીતે સિધ્ધ થાય. માતા-પિતા વગર બાળકો કેવી રીતે થાય - આ ખૂબ ગુહ્ય સમજવાની અને સિમરણ (યાદ) કરવાની વાત છે. બાબા આપ પિતા છો, આ માતા દ્વારા અમે જન્મ લીધો છે. બરાબર વારસો પણ યાદ આવે છે. યાદ એ બાપને કરવાનાં છે. જ્ઞાન થી તમે સમજી પણ શકો છો કે કેવી રીતે બાપ પતિત દુનિયામાં આવે છે. કહે છે જેમાં પ્રવેશ કરું છું, આ મારું બાળક પણ છે, તમારા બાપ પણ છે અને પછી માતા પણ છે. તમે થઈ ગયાં બાળકો. તો બાપ ને

યાદ કરવાથી વારસો મળે છે. માતા ને યાદ કરવાથી વારસો નથી મળતો. નિરંતર એ બાપને યાદ કરવાનાં છે. બાકી આ શરીરને ભૂલવાનું છે. આ જ્ઞાનની વાતો સમજવાની છે.

બાપ જૂની દુનિયામાં આવીને નવી દુનિયા રચે છે. જૂની ને ખલાસ કરી દે છે. નહીં તો કોણ ખલાસ કરે. ગવાયેલું પણ છે શંકર દ્વારા જૂની દુનિયાનો વિનાશ - આ ડ્રામા માં નોંધ છે એટલે ગાયન માં પણ આવે છે. આપ બાળકો જાણો છો આપણા માટે નવી રાજધાની બની રહી છે. વિનાશની ફુલ (પૂરેપૂરી) તૈયારીઓ છે. તમે આટલાં અસંખ્ય છો, બધાં રાજાઈ પદ મેળવી રહ્યાં છો. એવું નથી અંધશ્રદ્ધા થી માની લીધું છે. કોઈએ કહ્યું રામની સીતા ચોરાઈ ગઈ. સત્ય. કોઈ પણ વાત ન સમજાય તો સમજવાની કોશિશ કરો. નહીં તો બેસમજ નાં બેસમજ જ રહી જશો. ભક્તિમાર્ગ માં તો અલ્પકાળનું સુખ મળે છે. એનું ફળ એ જ જન્મમાં અથવા બીજા જન્મમાં અલ્પકાળ માટે મળી જાય છે. તીર્થ યાત્રા પર જાય છે, થોડો સમય તો પવિત્ર રહે છે, પાપ નથી કરતાં. દાન-પુણ્ય પણ કરે છે, આને કાગ વિષ્ટા સમાન સુખ કહેવાય છે. આ આપ બાળકો જ સમજી શકો છો કારણ કે તમે વાનર થી બદલાઈ મંદિર લાયક બનો છો. સતયુગ માં તમે પારસબુદ્ધિ હતાં કારણ કે પારસનાથ, પારસનાથિણી નું રાજ્ય હતું. સોના નાં મહેલ હતાં. હમણાં તો પથ્થર જ પથ્થર છે. પારસબુદ્ધિ થી પથ્થરબુદ્ધિ કોણ બનાવે છે? ૫ વિકાર રુપી રાવણ. જ્યારે બધાં પથ્થરબુદ્ધિ બની જાય છે ત્યારે જ પછી પારસબુદ્ધિ બનાવવા વાળા બાપ આવે છે. કેટલું સહજ કરીને સમજાવે છે. બીજ અને ઝાડ. બાકી ડિટેલ (વિસ્તાર) તો સમજાવતાં રહે છે, સમજાવતાં રહેશે. નટશેલ (સારરુપ) માં કહે છે બાપ ને યાદ કરો, જેમની પાસે થી વારસો મળે છે. માતા ને યાદ કરવાની જરુર નથી. બાપ કહે છે બાળકો મને યાદ કરો તો જરુર બાળકોએ માતા દ્વારા જન્મ લીધો હશે? જન્મ લીધો, બાપ પાસે થી વારસો લેવા માટે. તો આ માતા ને પણ છોડો, બધાં દેહધારીઓને છોડો કારણ કે હવે વારસો બાપ પાસે થી લેવાનો છે. હવે બાળકો સમજી ગયાં છે કે અમે આત્મા રુહાની બાપ નાં બાળકો છીએ અને પછી શરીરધારી માતા-પિતા નાં પણ બાળકો બન્યાં છીએ. એ બેહદનાં બાપ નવી સૃષ્ટિ રચે છે. ભારત સ્વર્ગ હતું ને. આ લક્ષ્મી-નારાયણ સ્વર્ગ નાં માલિક હતાં, હમણાં નથી. બેહદ નાં બાપ સમજાવે છે - તમે દરેક જન્મ માં હદનો વારસો લેતા આવ્યાં છો. નર્ક માં તો છે જ હદનો વારસો. સ્વર્ગ માં હદનો વારસો નહીં કહેશે. એ છે બેહદનો વારસો કારણ કે બેહદનો અર્થાત્ આખી સૃષ્ટિ નાં માલિક છે બીજો કોઈ ધર્મ નથી. હદનો વારસો શરું થાય છે દ્વાપર થી. સતયુગ માં છે બેહદ નો. તમે પ્રાલબ્ધ ભોગવો છો. ત્યાં તમને બેહદની બાદશાહી છે. યથા રાજા રાણી તથા પ્રજા. પ્રજા પણ કહેશે અમે આખી સૃષ્ટિ નાં માલિક છીએ. હમણાં તો પ્રજા એવું નહીં કહે કે અમે આખી સૃષ્ટિ નાં માલિક છીએ. હમણાં તો હદો લાગેલી છે. તેઓ કહે છે અમારા પાણી ની અંદર નહીં આવી શકો, આ ટુકડો અમારો છે. ત્યાં પ્રજા પણ કહેશે અમે વિશ્વનાં માલિક છીએ. અમારા મહારાજા મહારાણી લક્ષ્મી-નારાયણ પણ વિશ્વનાં માલિક. આ હમણાં આપણે સમજીએ છીએ કે ત્યાં એક જ રાજ્ય હોય છે. તે છે બેહદની બાદશાહી. ભારત શું હતું, કોઈની બુદ્ધિમાં પણ નથી. આપ બાળકોને હમણાં શિક્ષા મળે છે કે બેહદનાં બાપ પાસે થી વારસો લો. આપણે કહીએ છીએ તો જરુર આપણે લઈ રહ્યાં છીએ. બેહદનાં બાપ છે જ સ્વર્ગ નાં રચયિતા. ગવાય પણ છે ૨૧ પેઢી રાજ્ય-ભાગ્ય. પેઢી કેમ કહે છે? કારણ કે ત્યાં વૃધ્ધ થઈને મરશે. ત્યાં અકાળે મૃત્યુ નહીં થાય. માતાઓ ક્યારેય વિધવા નહીં બને. રડવા-પીટવાનું નહીં હોય. અહીં તો કેટલું રડે-પીટે છે. ત્યાં બાળકોને પણ રડવાની જરુર નથી. અહિયાં તો બાળકોને રડાવતા રહે છે કે મુખ મોટું થાય. ત્યાં એવી વાત નથી. આ તો બધાં બાળકો સમજે છે કે આપણે હમણાં બેહદનાં બાપ પાસે થી કલ્પ પહેલાં માફક વારસો લઈ રહ્યાં છીએ. ૮૪ જન્મ પૂરાં થયાં, હવે જવાનું છે. નિરંતર બાપ અને વારસા ને યાદ કરવાથી વિકર્મ વિનાશ થશે. મનમનાભવ નો અર્થ કેટલો સહજ છે. ગીતા ભલે ખોટી છે, પરંતુ એમાં કાંઈ ને કાંઈ તો સાચ્ચુ છે ને. મને, પોતાનાં બાપને યાદ કરો, શ્રીકૃષ્ણ તો એવું નહીં કહેશે કે મને યાદ કરો, તમારે મારી પાસે આવવાનું છે. પરમાત્મા હમણાં સર્વ આત્માઓને કહે છે કે આપ સર્વ આત્માઓએ મચ્છરો સદૃશ્ય આવવાનું છે. તો જરુર આત્મા, પરમાત્મા બાપ ને જ ફોલો કરશે (અનુસરશે). શ્રીકૃષ્ણ એવું નહીં કહેશે કે મુજ આત્મા ને યાદ કરો. એમનું નામ જ કૃષ્ણ છે. આત્મા કોઈ પણ નથી કહી શકતાં, આત્માઓ બધાં ભાઈ-ભાઈ છે. આ તો બાપ કહે છે હું નિરાકાર છું, મુજ પરમ આત્માનું નામ છે શિવ. તો શ્રીકૃષ્ણ કેવી રીતે કહેશે, એને તો શરીર છે. શિવબાબા ને તો પોતાનું શરીર નથી. શિવબાબા કહે છે બાળકો તમને પણ પહેલાં પોતાનું શરીર નહોતું. આપ આત્મા નિરાકાર હતાં, પછી શરીર લીધું છે. હવે તમને ડ્રામા નાં આદિ-મધ્ય-અંત ની સ્મૃતિ આવી છે. બાપ સૃષ્ટિ કેવી રીતે, ક્યારે અને કેમ રચે છે? સૃષ્ટિ તો છે ને. ગાયન પણ છે બ્રહ્મા દ્વારા નવી સૃષ્ટિની રચના કરી. તો જરુર જૂની સૃષ્ટિ થી જ નવી સૃષ્ટિની રચના કરતા હશે. કહે પણ છે મનુષ્ય થી દેવતા બનાવ્યાં. બાપ કહે છે હું તમને આ ભણતર થી મનુષ્ય થી દેવતા બનાવું છું. પૂજ્ય દેવતા

હતાં, પછી પુજારી બની ગયાં છો. મનુષ્ય તો સમજતાં નથી કે ૮૪ જન્મ કેવી રીતે લે છે. શું બધાં ૮૪ જન્મ લેશે? સૃષ્ટિ વૃધ્ધિ ને પ્રાપ્ત કરતી રહે છે. તો બધાં કેવી રીતે ૮૪ જન્મ લેશે! જરુર જે પાછળ આવશે એમનાં જન્મ ઓછા હશે. ૨૫-૫૦ વર્ષની અંદર ૮૪ જન્મ કેવી રીતે લેશે? આ છે સ્વદર્શન ચક્ર. એમણે પછી સ્વદર્શન ચક્ર ને એક હથિયારનું રુપ બનાવી દીધું છે. હવે આપ આત્માઓને આ સ્મૃતિ આવી છે કે અમે ૮૪ જન્મ આવી-આવી રીતે ભોગવ્યાં. હવે ચક્ર પૂરું થાય છે, ફરીથી ડ્રામા રિપીટ થવાનો છે. પહેલાં-પહેલાં આદિ સનાતન દેવી-દેવતા ધર્મ જરુર જોઈએ, જે પ્રાયઃલોપ થઈ ગયો છે .

મનુષ્ય કહે છે હે ગોડ ફાધર રહેમ કરો. તો બાપ કહે છે - સારું તમને દુઃખ થી છોડાવી સુખી બનાવું છું. બાપનું કામ જ હોય છે બધાંને સુખી બનાવવાં, એટલે હું કલ્પ-કલ્પ આવું છું, આવીને ભારત ને હીરા જેવું બનાવું છું. ખૂબ સુખી બનાવું છું. બાકી બધાંને મુક્તિધામ માં મોકલી દઉં છું. ભક્ત ઈચ્છે પણ છે ભગવાન ને મળવા કારણ કે સુખ માટે તો સંન્યાસીઓએ કહી દીધું છે કે આ કાગ વિષ્ટા સમાન સુખ છે અને બીજા પછી કહે છે આ ડ્રામા નાં ખેલમાં ફરી આવીએ જ નહીં. મોક્ષ ને મેળવી લઈએ. હવે મોક્ષ તો મળતો નથી. આ છે બન્યો બનેલો (પૂર્વ નિર્ધારિત) ડ્રામા. આખી સૃષ્ટિ ની હિસ્ટ્રી-જોગ્રોફી આપ બાળકો હવે જાણો છો કે એ કેવી રીતે ચક્ર લગાવે છે. જેને જ સ્વદર્શન ચક્ર કહેવાય છે. આ જે દેખાડે છે સ્વદર્શન ચક્ર થી બધાનાં માથા કાપ્યાં. કંસ વધનું નાટક દેખાડે છે. એવું કાંઈ પણ છે નહીં. આ હિંસાની બિલકુલ વાત જ નથી. આ તો ભણતર છે. ભણવાનું છે, બાપ પાસે થી વારસો લેવાનો છે. બાપ પાસે થી વારસો લેવા માટે કોઈનું કતલ કરશે શું? તે હોય છે હદનો વારસો, આ છે બેહદ નાં બાપ પાસે થી બેહદનો વારસો લેવો. ગીતામાં લડાઈ વગેરેની કેટલી વાતો લખી દીધી છે. તે તો કાંઈ પણ છે નહીં. પાંડવોની લડાઈ હકીકત માં કોઈની સાથે નથી. આ તો યોગબળ થી બેહદ નાં બાપ પાસે થી આપ બાળકો વારસો લઈ રહ્યાં છો, નવી દુનિયા માટે. આમાં લડાઈ ની કોઈ વાત નથી. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ પાસે થી ૨૧ પેઢીનો વારસો લેવા માટે નિરંતર બાપ અને વારસા ને યાદ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. કોઈપણ દેહધારી ને યાદ નથી કરવાનાં.
2. બુદ્ધિમાં સ્વદર્શન ચક્ર ફેરવતા રહેવાનું છે. અમે પૂજ્ય હતાં, પછી પુજારી બન્યાં, ૮૪ જન્મોનું ચક્ર પૂરું કર્યું, ફરીથી ડ્રામા રિપીટ થવાનો છે, અમારે પુજારી થી પૂજ્ય બનવાનું છે - આ સ્મૃતિ જ સ્વદર્શન ચક્ર છે.

વરદાન :- સમાનતા દ્વારા સમીપતા ની સીટ લઈ ફર્સ્ટ ડિવિઝન ( પ્રથમ વિભાગ ) માં આવવા વાળા વિજયી રતન ભવ

સમય ની સમીપતા ની સાથે-સાથે હવે સ્વયં ને બાપ સમાન બનાવો. સંકલ્પ, બોલ, કર્મ, સંસ્કાર અને સેવા બધામાં બાપ જેવા સમાન બનવું અર્થાત્ સમીપ આવવું. દરેક સંકલ્પ માં બાપ નાં સાથ નો, સહયોગનો, સ્નેહનો અનુભવ કરો. સદા બાપનાં સાથ અને હાથમાં હાથની અનુભૂતિ કરો તો ફર્સ્ટ ડિવિઝનમાં આવી જશો. નિરંતર યાદ અને સંપૂર્ણ સ્નેહ એક બાપ સાથે હોય તો વિજય માળા નાં વિજયી રતન બની જશો. હમણાં પણ ચાન્સ (તક) છે, ટૂલેટ (ખૂબ મોડું) નું બોર્ડ નથી લાગ્યું.

સ્લોગન :- સુખદાતા બની અનેક આત્માઓને દુઃખ અશાંતિ થી મુક્ત કરવાની સેવા કરવી જ સુખદેવ બનવું છે.